# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સેશેલ્સની ત્રણ દિવસની મુલાકાતે વિક્ટોરિયા પહોંચ્યા.
2) અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરી.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે.
4) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, દેશની પ્રથમ સહકારી ટેક્સી સેવા ભારત ટેક્સી આગામી બે વર્ષમાં દેશના 500 શહેરોમાં શરૂ કરાશે.
5) તમિલનાડુમાં વાયકોના નેતૃત્વ હેઠળના MDMK પક્ષે DMK સાથેના નવ વર્ષનું ગઠબંધન તોડ્યું.
6) યુએસ ઓપન બેડમિન્ટનમાં ભારતના દેવિકા સિહાગ, કિદામ્બી શ્રીકાંત અને રોનક ચૌહાણ કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટીના ટાઇટન જીમમાં સેમિફાઇનલમાં પહોંચ્યા.

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# FUR REV PM SEYCHELLES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સેશેલ્સની ત્રણ દિવસની મુલાકાતે વિક્ટોરિયા પહોંચ્યા. સેશેલ્સના રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિનીએ હવાઈ મથક પર તેમનું સ્વાગત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ આ મુલાકાત બદલ પ્રશંસા વ્યક્ત કરી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે , સેશેલ્સ એક મહત્વપૂર્ણ દરિયાઈ ભાગીદાર અને હિંદ મહાસાગરમાં ભારતનો નજીકનો મિત્ર છે.

શ્રી મોદીએ બંને દેશોના લોકોના લાભ માટે ભારત અને સેશેલ્સ વચ્ચે લાંબા સમયથી ચાલતા સંબંધો અને સહયોગને વધુ મજબૂત બનાવવા માટે ફળદાયી મુલાકાતની ઉત્સુકતા વ્યક્ત કરી. પ્રધાનમંત્રીએ હવાઈ મથક પર પ્રવાસી ભારતીય સમુદાયના સ્વાગત બદલ આભાર પણ વ્યક્ત કર્યો. તેમણે પ્રવાસી ભારતીય સમુદાયે વિદેશમાં ભારતના વિવિધ પ્રદેશોની સંસ્કૃતિને જે રીતે સાચવી અને તેનું સન્માન કર્યું તેની પ્રશંસા વ્યક્ત કરી.

પ્રધાનમંત્રી સેશેલ્સના 50મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન બનશે. તેઓ સેશેલ્સના રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં હાજરી આપનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી હશે.

# US-MARCO RUBIO

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું કે , ભારતે નોંધપાત્ર આર્થિક પ્રગતિ કરી છે અને વૈશ્વિક મંચ પર મોટી ભૂમિકા ભજવી રહ્યું છે. વ્હાઇટ હાઉસ ખાતે એક સમાચાર એજન્સી સાથેની મુલાકાતમાં શ્રી રુબિયોએ કહ્યું કે , ટ્રમ્પ વહીવટીતંત્ર ભારતને અમેરિકાના સૌથી નજીકના વ્યૂહાત્મક ભાગીદારોમાંના એક તરીકે જુએ છે.

તેમણે કહ્યું કે , શ્રી મોદીએ એક એવા દેશનું નેતૃત્વ કર્યું છે , જે મજબૂત આર્થિક લાભ મેળવી રહ્યો છે અને વધુને વધુ પ્રભાવશાળી વૈશ્વિક શક્તિ બની રહ્યો છે.

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 135મી કડી હશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શન , AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝઓનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. AIR ન્યૂઝ, DD ન્યૂઝ, PMO અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી આ કાર્યક્રમને પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરશે.

# PRADHANMANTRI MUSEUM

પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલયે આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિંહ રાવના ૧૦૫મા જન્મજયંતિ નિમિત્તે તેમના જીવન અને વારસા પર એક પ્રદર્શનનું આયોજન કર્યું હતું. પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલયની કાર્યકારી પરિષદના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું.

આ પ્રદર્શનમાં શ્રી રાવની મહત્વપૂર્ણ રાજકીય યાત્રાના દુર્લભ ફોટોગ્રાફ્સ , સત્તાવાર દસ્તાવેજો , ભાષણો, પત્રવ્યવહાર અને અન્ય સામગ્રી પ્રદર્શિત કરવામાં આવી છે.

# PM-MANOHARLAL

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક અંગ્રેજી દૈનિકમાં કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ દ્વારા ભારત પર લખાયેલો એક લેખ શેર કર્યો છે , જેમાં ગ્લોબલ સાઉથને સુરક્ષિત, સ્થિતિસ્થાપક, સમાન અને ટકાઉ વૈશ્વિક ઉર્જા ભવિષ્યના કેન્દ્રમાં રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.**

# EVE. VP-MSME DAY

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું છે કે કોઈપણ દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નવી દિલ્હીમાં MSME દિવસ પર બોલતા તેમણે કહ્યું કે , ભારતમાં આ ક્ષેત્ર પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિકોની હિંમત અને ઉદ્યોગસાહસિકતાનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે ઉમેર્યું કે MSME ક્ષેત્ર દેશની કુલ નિકાસમાં આશરે 50 ટકા ફાળો આપે છે.

આ પ્રસંગે , ઉપરાષ્ટ્રપતિએ સમગ્ર ભારતમાં MSMEsને સશક્ત બનાવવાના હેતુથી પરિવર્તનશીલ ડિજિટલ પ્લેટફોર્મ , પોર્ટલ અને પ્રકાશનોની શ્રેણી પણ શરૂ કરી.

કેન્દ્રીય MSME મંત્રી જીતન રામ માંઝીએ કહ્યું કે , કેન્દ્રીય બજેટ MSME ક્ષેત્ર માટે સરકારની પ્રાથમિકતા અને પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. મંત્રીએ કહ્યું કે, સરકાર એક એવી ઇકોસિસ્ટમ બનાવવા માટે પ્રતિબદ્ધ છે , જ્યાં દરેક ઉદ્યોગસાહસિકને નવીનતા , વિકાસ અને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવાની સમાન તક મળે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે જાહેરાત કરી હતી કે , દેશની પ્રથમ સહકારી, ટેક્સી સેવા ભારત ટેક્સીને આગામી બે વર્ષમાં દેશભરના 500 શહેરોમાં શરૂ કરાશે. ભારત ટેક્સીના શુભારંભ પ્રસંગે તેમણે આ પહેલને સહકારી ક્ષેત્રમાં એક પરિવર્તનશીલ પગલું ગણાવ્યુ.

શ્રી શાહે કહ્યું કે, ભારત ટેક્સીનો હેતુ ડ્રાઇવરોને સીધા હિસ્સેદારો બનાવીને એક વાજબી અને પારદર્શક પરિવહન મંચ પૂરું પાડવાનો છે. તેમણે કહ્યું કે , આ મોડેલ સુનિશ્ચિત કરશે કે ડ્રાઇવરોને તેમની કમાણીનો મોટો હિસ્સો મળે જ્યારે મુસાફરોને સલામત અને સસ્તી સેવાઓનો લાભ મળે . શ્રી શાહે ટેક્સી ચાલકોને સારથી ગણાવ્યા.

## (BYTE: AMIT SHAH, HOME MINISTER)

શ્રી શાહે અમૂલ સહકારી ચળવળની સફળતાનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભારત ટેક્સી સામૂહિક માલિકી દ્વારા લોકોને સશક્ત બનાવીને સમાન સહકારી ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

આ તકે ભારત ટેક્સીએ પરિવહન માળખાને મજબૂત બનાવવા અને મુસાફરો અને ડ્રાઇવરો માટે સેવાઓ સુધારવા માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન , ગુજરાત રાજ્ય સહકારી બેંક , રાજ્ય ટ્રાફિક પોલીસ, મુખ્ય હવાઈ મથક અને રેલ્વે સત્તાવાળાઓ સહિત અનેક સંસ્થાઓ સાથે સમજૂતી કરાર કર્યા.

# CHAMPAT RAI RESIGNATION

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે મહામંત્રી ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાના રાજીનામાનો સત્તાવાર રીતે સ્વીકાર કર્યો છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના ખજાનચી સ્વામી ગોવિંદ દેવ ગિરિ મહારાજે આજે આ મુદ્દે એક નિવેદન બહાર પાડ્યું છે.જેમાં કહેવામાં આવ્યું છે કે , રાજીનામા પર આગામી બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

તેમાં ખાતરી પણ આપવામાં આવી છે કે , ભક્તો દ્વારા દાન કરાયેલી ચાંદીની ઇંટો અને ઝવેરાતનો હિસાબ લેવામાં આવશે. આ પત્રમાં ટ્રસ્ટે કહ્યું છે કે, તે અયોધ્યા રામ મંદિરમાં તાજેતરની ઘટનાઓથી ખૂબ જ , દુઃખી અને અત્યંત વ્યથિત છે. તેણે એ પણ પુષ્ટિ આપી છે કે , SITના વચગાળાના અહેવાલના આધારે દાન સંબંધિત કેસમાં FIR નોંધવામાં આવી છે, જેમાં કાનૂની કાર્યવાહી ચાલી રહી છે.

# MDMK – ALLIANCE

તમિલનાડુમાં, વાયકોના નેતૃત્વ હેઠળના MDMK પક્ષે DMK સાથેના નવ વર્ષનું ગઠબંધન તોડ્યું . આજે ચેન્નાઈમાં પાર્ટીના મહાસચિવ વાયકોની અધ્યક્ષતામાં એક જનરલ કાઉન્સિલ બેઠક યોજાઈ હતી , જેમાં ગઠબંધનમાંથી ખસી જવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

MDMK 2017માં DMKના નેતૃત્વ હેઠળના સેક્યુલર પ્રોગ્રેસિવ એલાયન્સમાં જોડાયું હતું. પાર્ટીએ MDMK ને નબળા પાડવાના પ્રયાસોને તેના ખસી જવાના કારણ તરીકે ગણાવ્યા હતા. MDMK પાસે બે ધારાસભ્યો છે.

# MAHA PAPER LEAK

મહારાષ્ટ્ર શિક્ષક પાત્રતા પરીક્ષા ( TET) સાથે સંકળાયેલ એક મોટી પેપર લીક ઘટનાને ભિવંડીમાં પરીક્ષાના એક દિવસ પહેલા નિષ્ફળ બનાવવામાં આવી હતી, જેમાં પેપર લીક રેકેટના ત્રણ કથિત સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ દિલ્હીથી TET પ્રશ્નપત્રો લાવ્યા હતા અને કથિત રીતે તેને લગભગ 1.5 કરોડ રૂપિયાના સોદામાં વેચવાની તૈયારી કરી રહ્યા હતા.

ધરપકડ કરાયેલા લોકોની ઓળખ બિહારના રાજીવ શો અને આકાશ કુમાર અને હરિયાણાના ધીરજ સિંહ તરીકે થઈ છે. પોલીસે બીજા દિવસે યોજાનારી પરીક્ષા માટે મોબાઇલ ફોન , રોકડ રકમ અને TET પ્રશ્નપત્રોના ચાર સેટ જપ્ત કર્યા. ચકાસણી બાદ, ભિવંડી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો અને વધુ તપાસ ચાલી રહી છે.

આ ઘટના બાદ, મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા પરિષદે રવિવારની TET પરીક્ષા મુલતવી રાખી હતી. પરીક્ષાની સુધારેલી તારીખ પછીથી જાહેર કરવામાં આવશે. આ ઘટનાથી સમગ્ર મહારાષ્ટ્રમાં લાખો ઉમેદવારોમાં ચિંતા ફેલાઈ .

# EVE. US OPEN BADMINTON

યુએસ ઓપન બેડમિન્ટનમાં , ભારતના દેવિકા સિહાગ , કિદામ્બી શ્રીકાંત અને રોનક ચૌહાણ કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટીના ટાઇટન જીમમાં સેમિફાઇનલમાં પહોંચ્યા. મહિલા સિંગલ્સમાં , દેવિકા સિહાગે જાપાનની રિકો ગુંજીને સીધી રમતોમાં હરાવી , ક્વાર્ટર ફાઇનલમાં 22-20 , 21-19 થી જીત મેળવી. આવતીકાલે સેમિફાઇનલમાં ડેનિશ શટલર લાઇન ક્રિસ્ટોફરસન સામે ટકરાશે.

પુરુષોના સિંગલ્સમાં , કિદામ્બી શ્રીકાંતે ચાઇનીઝ તાઈપેઈના લિયાઓ ઝુઓ-ફુ સામે 21-9, 12-21, 21-8 થી જીત મેળવતા ઓલ-ઇન્ડિયા મેન્સ સિંગલ્સની ફાઇનલની શક્યતા જીવંત રહી. યુવા ભારતીય શટલર રોનક ચૌહાણે પણ ઇઝરાયલના મીશા ઝિલ્બરમેન સામે 23-21, 21-11 થી વિજય મેળવ્યો. ચૌહાણ હવે ચાઇનીઝ તાઇપેઈના સુ લી યાંગ સામે ટકરાશે , જ્યારે શ્રીકાંત આવતીકાલે સેમિફાઇનલમાં જાપાનના યુડાઈ ઓકીમોટો સામે ટકરાશે.